G20
भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

**નવી બાબત ૨૦૨૩-૨૪**

ડૉ.આંબેડકર ભવન, વેરાવળ, જિ.ગીર સોમનાથના મકાન બાંધકામ બાબત રૂ.૨૨૧.૪૨ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/NWR/e-file/17/2023/0074/G

સચિવાલય, ગાંધીનગર

તા.૨૦/૦૪/૨૦૨૩

વંચાણમાં લીધાં:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૩૧/૧૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૨/૯૨૬૮-૬૯

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૯/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૩/૧૪૫૭-૫૮

આમુખ:

અનુસૂચિત જાતિના લોકોમાં આવેલી સભાનતા અને સમાજમાં શૈક્ષણિક અને સામાજિક પ્રવૃતિઓમાં થયેલ વધારાને તથા પછાત વર્ગોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી રાજ્યના તમામ જિલ્લા મથકે જિલ્લા કક્ષાના ડૉ. આંબેડકર ભવનો બાંધવાનું નક્કી કરવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૩૧/૧૨/૨૦૨૩ પત્રથી ડૉ.આંબેડકર ભવન, વેરાવળ, જિ.ગીરસોમનાથના મકાનનાં બાંધકામ માટે રૂ.૪૪૨.૮૫ લાખના અંદાજોના ૫૦% મુજબ રૂ.૨૨૧.૪૨ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે, જેનો વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૨૯/૦૩/૨૦૨૩ પત્રથી ડૉ.આંબેડકર ભવન, વેરાવળ, જિ.ગીરસોમનાથના મકાનનાં બાંધકામ માટે રૂ.૪૪૨.૮૫ લાખના અંદાજોના ૫૦% મુજબ રૂ.૨૨૧.૪૨ લાખની વહીવટી મંજૂરી આપવાની દરખાસ્ત કરેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડૉ. આંબેડકર ભવન, વેરાવળ, જિ.ગીરસોમનાથના મકાનનાં બાંધકામ માટે કન્ટીજન્સી ખર્ચ ૧%, વર્કચાર્જ મહેકમ ખર્ચ ૧% તેમજ TPI અને DTP ખર્ચ ૧% મુજબ ગણતરીમાં લેતાં, રૂ.૪,૨૪,૨૮,૬૪૪/- લાખના અંદાજો મંજૂર રાખી રૂ.૨૨૧.૪૨/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

a. આ યોજના ના આયોજન અને અમલીકરણ માટે GIDB ના તા: ૩૦/૩/૨૨ ના પત્ર મુજબ PM Gati Shakti Gujarat – Integrated Master plan Portal સાથે Linkage કરી Integration Completion Certificate with unique Project Id મેળવી લેવાનું રહેશે.

b. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે તત્કાલિન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

c. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

d. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્કઓર્ડર આપવાના રહેશે.

e. રેલવે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

f. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુનર્વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

g. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

h. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાની રહેશે.

i. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

j. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

k. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

l. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

m. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

n. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ, જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

o. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે તકેદારી રાખવાની રહેશે.

p. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતિ સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે તકેદારી રાખવાની રહેશે.

q. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

r. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

s. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

t. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

u. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેન્દ્રિય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

v. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

w. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

x. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

y. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

aa. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

bb. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

cc. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર- ૦૧ SCW-33 ડૉ.આંબેડકર ભવનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની e-file પર નાણા વિભાગની તા.૧૪/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign Signed by: Harit Rajendra Doshi
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 20-Apr-2023 (12:03 PM)

(હરિત આર. દોશી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના</u>:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), બ્લોક નં.૧૧, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- શાખા સિલેકટ ફાંઇલ-૨૦૨૩
- ના.સે.અ. સિલેકટ ફાઇલ-૨૦૨૩